# મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં અસહ્ય ગંદકીથી લોકો ત્રાહિમામ

## એસ.એફ.આઈ. વિદ્યાર્થી સંગઠને ચીફ ઓફિસરને આવેદનપત્ર આપી ગટર વ્યવસ્થાની કરી માંગ




મોડાસા, તા. ૧

મોડાસા શહેરના સર્વોદયનગર વિસ્તારમાં મોટેભાગે શ્રમિક લોકો વસવાટ કરતા હોવાથી શહેરી વિસ્તારની પાયાગત સુવિધાઓ માટે તરસી રહ્યો છે. મોડાસા શહેરમાં કોરોનાના કહેર વચ્ચે સર્વોદયનગર વિસ્તારમાં અસહ્ય ગંદકી અને સફાઈના અભાવે લોકો મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાનો ભોગ બની રહે છે. સ્વચ્છતા અભિયાનના નામે ઝાડુ હાથમાં લઈ ફોટા ખેચવાતાં રાજકારણીઓ અને સેવાકીય સંસ્થાઓએ પણ સર્વોદયનગર વિસ્તારની મુલાકાત લેવી જોઈએ તેવી ચુટકી લોકો લઈ રહ્યા છે, સર્વોદયનગર વિસ્તારમાં ગંદકી દૂર કરવામાં આવેની માંગ સાથે સ્ટુડન્ટ ફેડેરેશન ઓફ ઈન્ડિયા સંગઠને મોડાસા નગરપાલિકા ચીફ ઓફિસરને આવેદનપત્ર આપી ગંદકી દૂર કરવામાં આવે અને નિયમીત સાફસફાઈ કરવામાં આવેની માંગ કરી હતી.

મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. સમગ્ર વિસ્તાર ગંદકીથી ખદબદી રહ્યો છે રોડ રસ્તા પર ગટરના અભાવે ગંદુ પાણી રેલાતા સર્વોદયનગર વિસ્તારમાં રહેતા ૫ હજારથી વધુ લોકોના માથે ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવા ભયાનક રોગોમાં સપડાવાનો ભય પેદા થયો છે. એસએફઆઈના સભ્યોએ નગરપાલિકા ચીફ ઓફિસર જીગ્નેશ બારોટને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે સર્વોદયનગર વિસ્તારામાં ગંદકી સત્વરે દૂર કરવામાં આવે અને નિયમીત સાફ-સફાઈ કરવામાં આવે તે ખુબ જરૂરી છે. ગંદકી દૂર નહીં થાય તો ન છૂટકે ૭ ડિસેમ્બર થી નગરપાલિકા સામે ધરણા, વિરોધ પ્રદર્શન સૂત્રોચ્ચાર સહીત જલદ આંદોલન કરવાની ફરજ પડશેની ચીમકી ઉચ્ચારી હતી.

# અરવલ્લી જીલ્લાની કોવીડ હોસ્પિટલોને ગ્રાન્ટરૂપી ઓક્સીજનની તાતી જરૂરીયાત

## ૧.૭૫ કરોડ ગ્રાન્ટ બાકી, દર્દીઓને મોંઘીદાટ દવાઓ બહારથી ખરીદવી પડે છે

મોડાસા, તા. ૧

સરકાર કોરોનાના દર્દીઓને મફત સારવાર આપવાના દાવાઓ વચ્ચે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓએ બહારથી દવાઓ ખરીદી કરવી પડી રહી છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર વધી રહ્યો છે, જીલ્લામાં સીવીલ હોસ્પિટલના અભાવે કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે ટ્રસ્ટ સંચાલીત મોડાસા સાર્વજનિક હોસ્પિટલ અને વાત્રક જનરલ હોસ્પિટલ ખાતે કોવીડ હોસ્પિટલ કાર્યરત કરી હસ્તગત કરી હતી, ત્યારબાદ કોરોનાનું સંક્રમણ ઘટતા બંને કોવીડ હોસ્પિટલ ટ્રસ્ટને સંચાલિત કરવાનો આદેશ કરતા હાલ બંને કોવીડ હોસ્પિટલનું સંચાલન ટ્રસ્ટ દ્વારા થઇ રહ્યું છે ત્યારે બંને હોસ્પિટલમાં ૧.૭૫ કરોડ જેટલો ખર્ચ થતા તેની ગ્રાન્ટ ચુકવવામાં વિલંબ કરતા બંને હોસ્પિટલમાં જ હાલ ગ્રાન્ટરૂપી ઓક્સીજનની જરૂર લાગી રહી છે. મોડાસા કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને કોરોના હોસ્પિટલમાં ગ્રાંટોની ફાળવણી અને બાકી રહેલા નાણાં ચુકવવામાં થતી ઢીલાશ મામલે રજુઆત મળતા તેમને પણ તંત્રને આ બાબતે કાર્યવાહી કરવા રજુઆત કરી છે.

મોડાસા અને વાત્રક કોવીડ હોસ્પિટલમાં કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવતા તબીબો અને આરોગ્ય કર્મચારીઓ માટે એન-૯૫ માસ્ક કે પીપીઈ કીટ પણ સરકાર દ્વારા પુરી ન પડતા ટ્રસ્ટીઓની હાલત કફોડી બની છે. કોવીડ હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા દર્દીઓને બહારથી મોંઘીદાટ દવાઓ ખરીદવાની નોબત આવી છે. મોડાસા કોવીડ હોસ્પિટલની ૧ કરોડ અને વાત્રક કોવીડ હોસ્પિટલની ૭૫ લાખ રૂપિયા ગ્રાન્ટ ચુકવવામાં આરોગ્યતંત્ર ઠાગાઠૈયા કરતુ હોવાનું ટ્રસ્ટીઓ અહેસાસ અનુભવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં કોરોના મહામારીએ દિવાળી બાદ વેગ પકડ્યો છે ત્યારે કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે તેવા સંજોગોમાં જિલ્લાની મોડાસા અને બાયડની સરકારી કોવિડ હોસ્પિટલમાં દર્દીઓનો ભરાવો થઈ રહ્યો છે. મોટાભાગે તંત્ર હવે દર્દીઓને પોતાના ઘરે કોરન્ટાઇન થવા માટે જણાવે છે અને વધુ તકલીફ હોય તો જ હોસ્પિટલમાં સારવાર આપતા હોય છે.

### પૈસાદાર લોકો ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ જીવ બચાવી લે છે, ગરીબો લાચારી સહીત મોતને ભેટી રહ્યા છે..!!!

મોડાસા તાલુકાના જીવણપુરના કોરોના દર્દીના સબંધી દ્વારા એક ઘટસ્ફોટ કર્યો છે જેમાં દર્દીના સગાઓએ લોકો પાસે હાથ જોડી રૂપિયા ભેગા કરી લાખો રૂપિયાની દવાઓ દર્દી માટે કરાવી હતી છતાં પણ દર્દીઓનો જીવ પરિવારજનો બચાવી શક્યા ન હતા. સવાલ અહીં એ થાય છે કે સરકાર કોરોના દર્દીઓની સારવારનો ખર્ચ આપતી હોવાનો દાવો કરે છે તો કોરોના દર્દીઓ માટેની દવાઓનો જથ્થો ક્યાં જાય છે ? અનેક પ્રશ્નો વચ્ચે કોવીડ હોસ્પિટલના ડોકટરો દર્દીઓના સગાઓને દવાની ચીઠ્ઠી પકડાવી ગરીબોની મજાક ઉડાવી રહ્યા છે.

શ્રીમંત લોકો અદ્યતન સુવિધા સાથે કોરોના સારવાર કરાવીને જીવ બચાવી લે છે પણ ગરીબ વ્યક્ત દવાઓના લાખોના ખર્ચને વેઠી શકતો નથી અને મોતને ભેટે છે આજ પ્રકારની ગુજરાતમાં કોરોનની વાસ્તવિકતા છે.

મોડાસાની ટ્રસ્ટ સંચાલિત બિલ્ડિંગમાં ચાલતી કોવિડ હોસ્પિટલમાં એક કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે અને બાયડની વાત્રક હોસ્પિટલમાં પણ ૭૫ લાખ રૂપિયાની રકમની ચુકવણી થઇ નથી જેથી ટ્રસ્ટ સંચાલિત મેડિકલમાં કોરોનનો રાહતનો જથ્થો ઉપલબ્ધ નથી હવે આ સંજોગોમાં ગરીબ પરિવારો દવા ન કરાવી શકવાના કારણે ભગવાન ભરોસે દર્દીઓને મૂકી રહ્યા છે અને તંત્ર માત્ર તપાસની મુદ્રા ઘટનાક્રમ નિહાળી રહ્યું છે.

# ખેડબ્રહ્મા યુ.જી.વી.સી.એલ.નો ગઢડા શામળાજીમા સપાટો

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા યુજીવીસીએલ ધ્વારા સોમવારે ગઢડા શામળાજી ગામે ૨૫૦૦૦ હજાર જેટલી બાકી રકમ સામે ૧૨ કનેકશન કાપી બાકીદારો સામે લાલ આંખ કરી હતી. ખેડબ્રહ્મા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં મોટાભાગના ગામોમાં વીજ બિલના બાકી નાણા ન ભરતા હોવાથી ખેડબ્રહ્મા યુ.જી.વી.સી.એલ. ધ્વારા બાકીદારો સામે લાલ આંખ કરી હતી અને સોમવારે ગઢડા શામળાજી ગામે સપાટો બોલાવ્યો હતો. ગઢડા શામળાજી ગામમાં છેલ્લા ૬ માસથી ૧૨ જેટલા વીજ ગ્રાહકો ધ્વારા વીજ બિલના નાણા ભરવામાં આવ્યા ન હતા જેથી ખેડબ્રહ્મા યુ.જી.વી.સી.એલ. ઈજનેર અને ટિમ ધ્વારા ગામમાં કનેક્શન કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૨ વીજ કનેક્શન કાપી નાખવામા આવ્યા હતા અને જ્યારે ગામના ચૌહાણ વિક્રમસિંહ રણજીતસિહનું ૧૫૬૫૫.૪૯ જેટલા બાકી નાણાંની ભરપાઈ બાકી હતી જેમાં ૮૦૦૦ ઓનલાઈન ભરપાઈ કરતા થોડો સમય આપવામાં આવ્યો હતો.

# ડીસાના ગાયત્રી મંદિર નજીકથી હીરો હોન્ડા બાઈકની ચોરી

ડીસા, તા. ૧

કોરોના મહામારી વચ્ચે પણ વાહન ચોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે ડીસાના ગાયત્રી મંદિર નજીકથી બાઈક ચોરીની ઘટનાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

આ અંગેની વિગતો જોતા ડીસાના દામાં ગામે રહેતા અને ખેતીનો વ્યવસાય કરતા નરસિંહજી ચમનાજી પરમાર બે દિવસ અગાઉ ડીસાના ગાયત્રી મંદિર નજીક આવેલ પૂજા એક્સરેની બાજુમાં આવેલ સિડી પાસે પોતાનું હીરો હોંડા કમ્પનીનું મોટર સાયકલ (નંબર જે.જે.૨૪-એએચ.૦૦૨૯) પાર્ક કરી મોબાઈલ લેવા માટે બાજુની દુકાનમાં ગયા હતા અને થોડીવારમાં પરત આવતા પાર્ક કરેલું બાઈક ત્યાં દેખાયેલું નહિ.

જેથી આસપાસ તપાસ કરતા પણ બાઈક ના મળી આવતા તેમને બાઈક ચોરાયુ હોવાનું માલુમ પડતા આ મામલે નરસિંહભાઈએ ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તેમની ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

# અંબાજી-નારણ સરોવર બસના કંડકટર સામે ગુનો દાખલ

## વધુ મુસાફરો મામલે સજાનો રાજ્યમાં પ્રથમ બનાવ

હાલમાં કોરોનાની સ્થિતિમાં સરકારે કેટલાક નિયમો જાહેર કર્યા છે અને ગાઈડ લાઈન્સ બહાર જઈ વર્તણૂંક કરવા બદલ તે પ્રમાણે દંડ સહિતની જોગવાઈઓ કરી છે. સરકારની ગાઈડ લાઈન્સનું ઉલ્લંઘન કરી એક બસમાં વધુ પેસેન્જર અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન નહીં કરાતા તે બસના કંડક્ટર સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે નોંધેલી આ ફરિયાદ ગુજરાતની પહેલી ઘટના છે કે જેમાં પેસેન્જર વધુ હોવા અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન ન થવાને કારણે એસટી નિગમની બસના કન્ડક્ટર સામે આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી હોય.

રાધનપુર પોલીસે આ અંગે ફરિયાદ નોંધી છે. બનાસકાંઠા અમીરગઢ ખાતેથી એક વ્યક્તિએ પોલીસને જાણ કરી કે હાલમાં એક સરકારી એસટી બસ કે જેનો નંબર જીજે.૧૮.ઝેડ.૬૧૭૩ છે તે થરાથી નીકળી છે અને તેમાં કેપેસિટીથી વધુ પેસેન્જર બેસાડ્યા છે. ઉપરાંત બસમાં સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનો ભંગ થાય છે. આ એસટી બસ રાધનપુર જવા નિકળી હતી. પોલીસે કંટ્રોલ રૂમ થકી જાણ થતાં તુરંત એક્શન શરૂ કરી જાણકારી મળ્યાની સાથે પોલીસ રાધનપુર એસટી ડેપો પર પહોંચી ગઈ અને વોચ ગોઠવી. દરમિયાન રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં આ બસ ડેપોમાં આવી. પોલીસે તેના રૂટના બોર્ડ પર નજર કરી, તે અંબાજીથી નારણ સરોવરનું હતું. પોલીસ બસના કંડક્ટરની નજીક ગઈ અને નામ પુછ્યું કંડક્ટરે પોતાનું નામ જશુભાઈ સરદારભાઈ ખાંટ (ઉ. ૪૩) હોવાનું જણાવ્યું. પોલીસની પુછપરછમાં તે ડીસા ડેપો ખાતે નોકરી કરતાં અને પાલનપુરના રહેવાસી હોવાનું જણાવ્યું. પોલીસે કંડક્ટરને એક તરફ પોતાની સાથે રાખ્યા અને બસમાં બેસેલા મુસાફરોને એક એક ગણવાના શરૂ કર્યા. પોલીસને માલુમ થયું કે બસમાં કુલ ૫૧ મુસાફરો હતા.

આ ૫૨ પૈકીના ૩૯ રિઝર્વેશનના પેસેન્જર હતા તે સિવાય રૂટમાં આવતા સ્ટોપ પરથી બેસાડેલા પણ હતા. પોલીસની કાર્યવાહીને પગલે રાધનપુર એસટી ડેપોના એટીઆઈ રસુલભાઈ રાજેભાઈ આગલોડિયા આ કાર્યવાહી દરમિયાન આવ્યા હતા. તેમને સરકારની ગાઈડલાઈન્સ અંગે પુછ્યું તો તેઓએ કહ્યું કે ક્ષમતાથી ૭૫ ટકા પેસેન્જર લેવાના હોય છે. પોલીસે પેસેન્જર્સની ખરાઈ પણ તેમની પાસે કરાવી તો કુલ ૫૧ મુસાફરો હતા. નીયમ મુજબના ૭૫ ટકા લેખે ૩૯ પેસેન્જર કંડક્ટર દ્વારા લેવાના હોય પણ તેનાથી પેસેન્જર વધુ હતા. રાત્રીના સવા અગિયાર વાગ્યા સુધી આ કાર્યવાહી ચાલી અને આખરે બસના કંડક્ટર જશુ ખાંટ સામે પોલીસે એફઆઈઆર નોંધી હતી.

રાધનપુરના હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ કાથુજી દ્વારા આ સંદર્ભમાં ફરિયાદી બની એફઆઈઆર નોંધાવાઈ હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાતની આ પહેલી ઘટના છે જેમાં પોલીસે એક સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસના કંડક્ટર સામે બસમાં કેપેસિટી કરતાં વધુ મુસાફરો બેસાડવા અને કોરોનાની ગાઈડલાઈન્સનું પાલન ન કરવા બદલ ફરિયાદ કરી હોય.




**ખેડબ્રહ્મા યુ.જી.વી.સી.એલ.મા સોશ્યલ ડિસ્ટન્ટના ધજાગરા**

ખેડબ્રહ્મા શહેરમાં દિન પ્રતિદિન કોરોના કેસ વધી રહ્યા છે ત્યારે ખેડબ્રહ્માનું બઝાર બપોર ૩ વાગ્યા બાદ સોમવારથી રવિવાર સુધી બંધ કરવાનો નિર્ણય કરવામા આવ્યો છે. જ્યારે ખેડબ્રહ્મા યાદવ કોમ્પ્લેક્સમાં આવેલ યુ.જી.વી.સી.એલ.ની કચેરીમાં વીજ બિલ ભરવા આવતા લોકોના ટોળા લાગ્યા હતા, જ્યા રીતસરની લાંબી લાઈનો લાગી હતી જ્યા સોશ્યલ ડિસ્ટન્ટના ધજાગરા ઉડ્યા હતા. લોકોમા ચર્ચાઈ રહ્યુ છે કે કોરોના વેપારીઓ ધ્વારા ફેલાય છે શું આ સરકારી કચેરીઓમાં કોરોના ફેલાતો નથી કે શું.

# ગુજરાત ગૌરવ દિન ૨૦૨૦ સ્પર્ધામાં જિલ્લા અને રાજ્યકક્ષાએ પંચમહાલ જિલ્લાના ૪ વિજેતા વિદ્યાર્થીઓએ ૪૬૦૦૦નું રોકડ ઈનામ મેળવ્યું



બાયડ, તા. ૧

કોરોના મહામારી સમયે વિદ્યાર્થીઓએ પોતાના ઘરે રહીને ગુજરાત ગૌરવ દિવસ ૨૦૨૦ની ઉજવણી અંતર્ગત સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ કાવ્ય લેખન, નિબંધ લેખન અને ચિત્રકામ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પંચમહાલ જીલ્લાના ૧૬૮૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ રાજ્યમાં પ્રથમ ક્રમ અને ૭૨૪૧ વિદ્યાર્થીઓ સાથે રાજ્ય અને જિલ્લામાં શહેરા તાલુકો અગ્રેસર રહ્યો હતો. શહેરા તાલુકાના જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ અને સમગ્ર શિક્ષા શહેરાના સંયુક્ત ઉપક્રમે બી.આર.સી. ભવન શહેરા ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. વી.એમ. પટેલ, નાયબ જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડીનેટર નીતિનભાઈ પટેલ, ડાયટ પંચમહાલ સિનિયર લેકચરર બી.એમ. સોલંકી, બી.આર.સી. શહેરા ડૉ.કલ્પેશ આર. પરમાર અને તેમની ટીમના દ્વારા ચેક વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહી દીકરીઓને ચેક અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રાથમિક વિભાગમાં ચિત્ર સ્પર્ધામાં ખોજલવાસા ક્લસ્ટરની ભકતા ફળીયા પ્રાથમિક શાળાની દીકરી બારીયા તૃપ્તિબેન એ. જિલ્લાકક્ષાએ દ્વિતીય નંબર મેળવી રૂપિયા ૧૧૦૦૦ અને સન્માનપત્ર, નિબંધ સ્પર્ધામાં શહેરા કુમાર ક્લસ્ટરની જે.જી. ગુજરાતી મીડીયમની દીકરી બારીઆ શીવાનીબેન વી. જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર મેળવી રૂપિયા ૧૫૦૦૦ અને સન્માનપત્ર અને વાઘજીપુર ક્લસ્ટરની આદર્શ બુનિયાદી વાઘજીપુર પ્રાથમિક શાળાની બારીઆ જિનલબેન એમ. જિલ્લાકક્ષાએ તૃતીય નંબર મેળવી રૂપિયા ૫૦૦૦ રોકડ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પાલીખંડા ક્લસ્ટરની મોડેલ સ્કૂલ કાંકરીની પરમાર સોનમબેન વી.એ. જિલ્લાકક્ષાએ નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી રૂપિયા ૧૫૦૦૦ અને સન્માનપત્ર વિતરણ કરવામાં આવ્યું. બી.આર.સી. શહેરાએ કન્યા કેળવણીને આપેલ મહત્વની સફળતા જોવા મળી રહી છે, ગુજરાત ગૌરવ દિન ૨૦૨૦ ઉજવણીમાં સહભાગી થયેલા અને સમગ્ર રાજયમાં શહેરાનું નામ ઝળહળતું કરનાર વિજેતા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શન શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# પાલનપુરમાં ભાજપના કાર્યક્રમમાં કોરોના માર્ગદર્શિકાનો ભંગ

પાલનપુર, તા. ૧

કોરોના મહામારીને ફેલાતી અટકાવવા માટે માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટેન્સિંગ જાળવવાને તેની સરકાર અને ડબલ્યૂએચઓ દ્વારા ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી છે. આ ગાઈડલાઈનનું લોકોને ફરજીયાત પણે પાલન કરાવવા આકરો દંડ ફટકારવાની જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ રાજકીય પક્ષોના નેતાઓ માટે આ નિયમો ક્યાંય નથી લાગુ પડતા તેવું ચિત્ર ઉભુ થઈ રહ્યું છે.

ભાજપના ધારાસભ્ય, પૂર્વ કેન્દ્રીય મંત્રી સહિત મંત્રી પ્રમુખોએ સરકારની આબરૂના ધજાગરા ઉડાવ્યા હતાં. માસ્ક વગર તમામ ભાજપના પદાધિકારીઓ અને સોસીયલ ડિસ્ટન્સના લીરેલીરા ઉડાવ્યા હતાં. પાલનપુર ભાજપ કાર્યાલય ખાતે આજે યોજાયેલ કાર્યક્રમનો ફોટા વાઈરલ થયા છે. સંગઠનના ભાજપના નવા માળખાના વરાયેલા હોદેદારો સાથે કાર્યક્રમ યોજાયો હતો. બનાસકાંઠામાં ભાજપ નેતાઓ ભાન ભૂલ્યા હતાં. પાલનપુર ખાતે ભાજપના સંગઠનના નવા માળખાની રચના દરમિયાન ભાજપ કાર્યાલય ખાતે સરાજાહેરમાં સોશિયલ ડિસ્ટન્સ ભંગ થયો હતો. નવનિયુક્ત હોદ્દેદારોનો અભિવાદન કાર્યક્રમમાં ભાજપના નેતાઓ માસ્ક વગર નજરે પડ્યા હતાં. સૌથી આશ્ચર્યજનક વાત એ રહી હતી કે, કોરોનાની ગાઈડલાઈન્સના જાહેરમાં લીરે લીરા ઉડાડવામાં પૂર્વ કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચોધરી અને ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં. આ આખો કાર્યક્રમ જ જિલ્લા અધ્યક્ષ ગુમાનસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો તેઓ પણ માસ્ક વગર નજરે પડ્યાં હતાં. કાર્યક્રમમાં ભાજપના હાજર રહેલા તમામ નેતાઓ અને હોદેદારો જાણે કોરોનાની કોઈ બિમારી જ ના હોય તેમ અને સત્તાના મદમાં ચૂર થઈને મોઢા ઉપર માસ્ક પહેર્યા વગર નજરે પડ્યા હતાં. આ નેતાઓ અને હોદેદારોએ માત્ર શોભાના ગાંઠીયાની માફક ફક્ત ગાળા સુધી જ માસ્ક પહેર્યા હતાં. લોકોએ માસ્ક પહેરવાની સલાહ આપનારા નેતાઓ જ બન્યા લાપરવાહ બન્યા હતાં. ભાજપના નેતાઓને જાણે કોરોનાનો ડર જ ન હોય તેવા દ્રશ્યો જોવા મળતા લોકમુખે એવી ચર્ચા જાગી છે કે, કોરોનાની ગાઈડલાઈન્સ માત્ર આમ જનતા માટે જ છે નેતાઓ માટે નહીં.

**કોરોનામાં સરકારી નિયંત્રણોના ધજીયા ઊડ્યા : સામાન્ય લોકો પર નિયંત્રણોના અમલ માટે દબાણ કરતી સરકાર તેના પક્ષના નેતાઓનો વાળ વાંકો કરી શકતી નથી**



**ખેડબ્રહ્મા ખાતે પ્રાથમિક શિક્ષકોનો જિલ્લા બદલી વધઘટ કેમ્પ યોજાયો**

સાબરકાંઠા જિલ્લાના પ્રાથમિક શિક્ષકોનો જિલ્લા વધઘટ કેમ્પ યોજાયો હતો જેમાં ૨૫૩ શિક્ષકોએ ભાગ લીધો અને ૨૫૩ શિક્ષકોને પસંદગીની જગ્યાએ બદલી કરી આપવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ કેમ્પમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન જયેશભાઈ પટેલ, હર્ષદભાઈ ચૌધરી, ખેડબ્રહ્મા તાલુકાના બીઆરસી પીયૂષભાઈ જોશી અને સીઆરસીઓ તેમજ શિક્ષક મિત્રો હાજર રહી સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી આ કેમ્પ સફળતાપૂર્વક યોજાયો હતો.

# રાજ્યમાં સૌથી વધુ ઠંડી વલસાડ, નલિયામાં ૧૫ ડીગ્રી તાપમાન નોંધાયું

અમદાવાદ,તા.૧

ગુજરાતમાં ધીમે ધીમે ઠંડીની અસર શરુ થઈ ગઈ છે. વહેલી સવારે અને મોડી રાતે ઠંડીનો અનુભવ થવા લાગ્યો છે. જોકે દિવસે થોડો ઉકળાટ અને રાત્રે ઠંડીનો અહેસાસ થયો હોવાથી અમદાવાદ શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. પરંતુ ડિસેમ્બર મહિનો શરૂ થતા જ ઠંડીનું પ્રમાણ વધશે.

અમદાવાદ શહેરની વાત કરવામાં આવે તો અહીં તાપમાનનો પારો ૩૪ ડિગ્રીને પાર થતાં દિવસે બફારો અને ઉકળાટનો અનુભવ થયો હતો. જોકે શહેરનું રાત્રીનું તાપમાન ૨૦ ડીગ્રી રહ્યું હતું. પરંતુ ૪ ડિસેમ્બર બાદ ઠંડીનું જોર વધશે તેમ હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં સૌથી વધુ ઠંડી વલસાડ, નલિયામાં ૧૫ ડીગ્રી તાપમાન નોંધાયું છે. તેવી જ રીતે રાજ્યના સૌથી ઠંડા રહેતા ડીસામાં ૧૫ ડીગ્રી તાપમાન રહ્યું હતું. તો કંડલામાં ૧૭ ડીગ્રી નોધાઈ હતી.

આ ઉપરાંત ભુજ, ગાંધીનગર, રાજકોટમાં ૧૮ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. જ્યારે સુરેન્દ્રનગર, પોરબંદરમાં ૧૯ તાપમાન નોંધવામાં આવ્યું હતું. દીવમાં ૨૦ ડીગ્રી અને કેશોદમાં ૧૯ ડિગ્રી તાપમાન સાથે ઠંદીનો અનુંભવ લોકોને થયો હતો. મહુવા અને ભાવનગરમાં એકસરખું જ ૨૦ ડીગ્રી તાપમાન સાથે ઠંડી નોંધાઈ હતી.

# કોરોના સંક્રમણ વધવાને પગલે ઈડરનું ચોરીવાડગામ ૧૦ દિવસ સ્વયંભુ બંધ રહેશે

ઈડર,તા.૧

ગુજરાતમાં દિવાળી પછી કોરોનાએ ઉથલો મારતા હાહાકાર મચી ગયો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ રોકવા માટે લોકો જાતે જ પગલા ભરી રહ્યા છે અને સ્વયંભૂ લોકડાઉનનો નિર્ણય લઈ રહ્યા છે. ત્યારે સાબરકાંઠાનું વધુ એક ગામ આજથી ૧૦ દિવસ માટે બંધ રહેશે.

આ અંગેની વિગતો એવી છે કે, આજથી ૧૦ દિવસ માટે ચોરીવાડ ગામ સ્વયંભુ બંધ રહેશે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે ૧૦ દિવસ બંધ કરવાનો નિર્ણય કરાયો છે. ઈડરના ચોરીવાડમાં અત્યાર સુધીમાં ૧૦ જેટલા કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. ૧ ડીસેમ્બર થી ૧૦ ડીસેમ્બર સુધી સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધી ગામમાં દુકાનો ખુલ્લી રહેશે.

આવશ્યક સેવાઓ દૂધ શાકભાજી મેડીકલની દુકાનો ખુલ્લી રહેશે. ૧૧ વાગ્યા પછી કોઈ દુકાનો ખોલશે તો રૂ ૧૧૦૦ દંડ વસુલ કરાશે. ગામમાં માસ્ક નહિ પહેરનારા ગ્રામજનોને પાસેથી રૂ ૨૦૦ દંડ વસુલ કરાશે. ગામમાં બહારના ફેરિયાને કોઈ પ્રવેશ આપવામાં નહીં આવે.